# વાસ મારતા સડેલા બટાકાનો પાણીપુરીમાં બેફામ ઉપયોગ

**પાંડેસરામાં** પાણીપુરીના નામે ઝેર પીરસતું નેટવર્ક ઝડપાયું, 210 કિલો અખાદ્ય પદાર્થ નાશ

**પાણીપુરીનો** મસાલો બનાવતા 35 જગ્યા પર ગંદકીનું સામ્રાજય



### મનપાની આઠ સ્કવોડ આખી રાત ફરતી રહી, 335 લારીઓ-સંસ્થાઓ ચેક કરી 1 લાખનો દંડ કર્યો

આ કાર્યવાહી દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ 335 ખાણીપીણીની લારીઓ અને સંસ્થાઓ ચેક કરવામાં આવી હતી. શહેરના અન્ય વિસ્તારોમાં પણ 74 કિલો અખાદ્ય ખાદ્યસામગ્રી જપ્ત કરીને નષ્ટ કરાઈ હતી. આ ઉપરાંત 78 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક પણ જપ્ત કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગે ખાદ્ય સુરક્ષા નિયમોનો ભંગ કરતી 44 સંસ્થાઓને નોટિસ ફટકારી હતી અને 168 લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મનપા દ્વારા આ કાર્યવાહી અંતર્ગત કુલ રૂપિયા 1,01,700નો દંડ વસૂલવામાં આવ્યો હતો, જેમાં પાંડેસરા કેસમાં રૂ. 10,500નો દંડ સામેલ છે. મનપા અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે ઇન્દોરમાં સર્જાયેલા રોગચાળાની ઘટનાને ધ્યાનમાં રાખીને સુરતમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. ખાસ કરીને સ્લમ અને ગીંચ વિસ્તારોમાં ચાલતા ખાણીપીણીના ધંધા અને પાણીપુરી જેવી ખુલ્લી ખાદ્ય વસ્તુઓ પર કડક નજર રાખવામાં આવશે. જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનાર સામે આવી કાર્યવાહી આગળ પણ સતત ચાલુ રહેશે, એવો દાવો આરોગ્ય વિભાગે કર્યો છે.

સુરતઃ ઈન્દોરમાં પાણીજન્ય રોગચાળાએ ભયજનક સ્થિતિ સર્જી છે, ત્યારે હવે સુરતમાં પણ એ જ ખતરો મંડરાઈ રહ્યો હોવાનું ચિંતાજનક દ્રશ્ય સામે આવ્યું છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે પાંડેસરાના ગુલશનનગરમાં કરેલી સઘન કાર્યવાહી દરમિયાન પાણીપુરીના નામે અખાદ્ય પદાર્થ પીરસવાનું કારખાનું ઝડપતા શહેરમાં ખળભળાટ મચી ગયો છે. સ્લમ અને ગીંચ વિસ્તારોમાંથી સમગ્ર સુરત શહેરમાં સપ્લાય થતી પાણીપુરી કેટલી અસ્વચ્છ અને જોખમી છે તેનું આ જીવતું ઉદાહરણ છે.

ઉધના ઝોનના આરોગ્ય અધિકારી ડૉ.કિંજલ પટેલના નેતૃત્વમાં પાલિકાની પાંચ ટીમે ગુલશનનગરમાં પાણીપુરી બનાવતા ઘરોમાં દરોડા પાડ્યા હતા. ચેક કરાયેલા 35 પૈકી એકપણ ઘરમાં ખાદ્ય ધોરણ મુજબનો માલ ન મળતા આરોગ્ય વિભાગ પણ ચોંકી ઊઠ્યો હતો. સડેલા બટાકા, દુર્ગંધ મારતા ચણા, અશુદ્ધ પૂરી અને એકના એક તેલમાં વારંવાર તળેલી પૂરીને કારણે કાળું બની ગયેલું તેલ - આ બધું જોઈ ટીમે 210 કિલો અખાદ્ય પદાર્થ સ્થળ પર જ નાશ કર્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે આ વિસ્તારમાંથી તૈયાર થતી પાણીપુરી સુરતના વિવિધ વિસ્તારોમાં લારીઓ મારફતે પહોંચતી હતી. ઈન્દોર જેવી સ્થિતિ સુરતમાં ન સર્જાય તે માટે પાલિકાએ હવે સ્લમ અને ગીંચ વિસ્તારોમાં ચાલતા ખાણીપીણીના ધંધા, ખાસ કરીને પાણીપુરી પર કડક કાર્યવાહી શરૂ કરી છે.

**દુનિયાની સૌથી ઊંચી ઉડતી પ્રજાતિના**

# સારસ ક્રેન પક્ષીનો કાતિલ દોરીએ ભોગ લીધો

**ખરવાસા** નજીક સારસ પક્ષી દોરીની લપેટમાં આવતાં ખેતરમાં પટકાયું હતુ

### ચાઈનીઝ દોરી પક્ષીઓ માટે ગંભીર જોખમ

ચાઈનીઝ માંજાના વધતા ઉપયોગથી પક્ષીઓ અને માનવજીવન બંને માટે ગંભીર જોખમ ઉભું થઈ રહ્યું છે, ત્યારે ફરી એકવાર કડક નિયંત્રણ અને જનજાગૃતિની માંગ ઉઠી છે.

સુરત : સુરત શહેરમાં ચાઈનીઝ દોરીએ સારસ પક્ષીનો ભોગ લીધો હતો. મંગળવારે શહેર નજીક બોણંદ ગામ, ખરવાસા પાસે ઉડાન ભરી રહેલી દુનિયાની સૌથી ઊંચી ઉડતી પક્ષી પ્રજાતિ સારસ ક્રેનનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી મુજબ, સોમવારે સાંજે બોણંદ ગામના રહીશોએ સારસ ક્રેનને અચાનક જમીન પર પડતું જોયું હતું. કૂતરાઓ હુમલો ન કરે તે માટે ગ્રામજનોએ તાત્કાલિક બચાવ કાર્ય શરૂ કર્યું હતું. લક્ષ્મણ ચૌધરીએ જણાવ્યું હતું કે, મારા સ્ટાફ સાથે મેં તરત જ પક્ષીને મારા ખેતરે લઈ જઈ, પહેલા માંજો કાઢી નાખ્યો હતો. પંખીની પાંખની નસ પર ઊંડો કટ લાગ્યો હતો, જેના કારણે ભારે રક્તસ્રાવ થયો હતો.

પ્રયાસ ટીમનાં દર્શન દેસાઈએ જણાવ્યું કે, કટ ખૂબ ઊંડો હતો અને રક્તવાહિનીને નુકસાન પહોંચ્યું હતું. વધુ લોહી વહી જવાથી બચાવનાં પ્રયાસો છતાં પક્ષીને બચાવી શકાયું નહીં.

## લિંબાયતમાં માનસિક બીમારીથી પીડિત યુવકે ચપ્પુ મારીને આપઘાત કર્યો

સુરતઃ લિંબાયતમાં માનસિક બિમારીથી પીડિત યુવકે ચપ્પુ મારીને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, લિંબાયત વિસ્તારમાં આવેલા રામનગરમાં ઈસ્માઈલ ખટીક ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. ઈસ્માઈલ નીલગીરી ગ્રાઉન્ડ પાસે નોનવેજની દુકાન ચલાવે છે. તેના સંતાન પૈકી 20 વર્ષીય પુત્ર કામરાન છેલ્લા પાંચેક વર્ષથી માનસિક બીમારીથી પીડિત હતા તેમજ તેની દવા પણ ચાલતી હતી. જે બીમારીથી કંટાળીને બીજી ડિસેમ્બરના રોજ કામરાને ઘરમાં માથાના તેમજ પેટના ભાગમાં ચપ્પુ મારી લીધું હતું. જેથી પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે રાત્રે તેનું મોત નીપજ્યું હતું.

### વેડરોડ પર ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન આસપાસ કચરાના ઢગલા



ભારત સરકારના સ્વચ્છતા સર્વેક્ષણમાં તમામ મોટા શહેરોને પાછળ મૂકીને સુરતે દેશનું સૌથી સ્વચ્છ શહેર બનવાનો ખિતાબ મેળવ્યો છે. આ સિદ્ધિ બદલ સુરત મહાનગરપાલિકાને એવોર્ડ પણ મળ્યો છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ આ ખિતાબને પડકારતી નજરે પડે છે.કતારગામ ઝોનના વેડ રોડ પર આવેલા ટ્રાન્સફર સ્ટેશનની સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક છે. અહીં રોજ કચરા ગાડીઓમાંથી કચરાના પોટલા રસ્તા પર પડી રહ્યા છે, જેને સમયસર ઉઠાવવામાં આવતા નથી. (તસવીર : સતીષ જાદવ)

# કિશોરીને ગર્ભવતી બનાવનારની ધરપકડ

**સાડીના** ખાતામાં એક વર્ષથી દુષ્કર્મ કરતો હતો

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ વરાછાના ત્રિકમનગર સોસાયટી નજીક રહેતા બીમલેશ ઈન્દ્ર નીસાદ વરાછા વિસ્તારમાં સાડીના ખાતામાં કામ કરે છે. નોકરીની જરુરિયાત હોવાથી એક 17 વર્ષની કિશોરી તેના સંપર્કમાં આવી હતી. તેણે તેને તેના ખાતામાં નોકરી પર રાખી લીધી હતી. પરંતુ તે છેલ્લા એક વર્ષથી તેની સાથે શારીરિક સંબંધ બાંધતો હતો. તે કિશોરીને સતત ધમકીઓ આપતો હતો કે, જો આ બાબતે તે કોઈને જાણ કરશે બદનામ કરી દેશે. જેથી તે અત્યાચાર સહન કરતી રહી હતી દરમિયાન તેને ગર્ભ રહી જતાં પરિવારજનોને સમગ્ર હકીકતની જાણ થઈ હતી. જેથી તેમણે વરાછા પોલીસનો સંપર્ક કર્યો હતો. વરાછા પોલીસે પોક્સો સહિતની કલમ દાખલ કરીને આરોપીની ધરપકડ કરી છે.

## ડિંડોલીમાં મહિના પહેલા રોજગારી માટે આવેલા યુવકનો આપઘાત

સુરતઃ ડિંડોલીમાં એક મહિના પહેલા રોજગારી માટે આવેલા યુવકે આર્થિક સંકડામણમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ બિહારના વતની અમન રમેશભાઈ પાસવાન (ઉં.વ.33) હાલ નવાગામ ડિંડોલી વિસ્તારમાં આવેલા રણછોડનગરમાં રહેતો હતો. અમન એક મહિના પહેલાં રોજગારીની શોધમાં સુરત આવ્યો હતો અને લોખંડની ડાઈ બનાવવાની મશીન પર કામ શીખવા માટે લાગ્યો હતો. મંગળવારે રાત્રે અમને ઘરમાં પંખા સાથે રૂમાલ બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. તેણે આર્થિક સંકડામણમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. તેના 6 મહિના પહેલા જ લગ્ન થયા હતા.

# SVNITમાં સરદાર પટેલની 22 ફૂટની ઊંચી પ્રતિમાનું અનાવરણ

**એલ્મની** અસોસિએસનનાં સ્થાપક પ્રમુખ ભદ્રેશભાઈ શાહ મુખ્ય દાતા છે



સુરતઃ રાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ‘SVNIT’ માં સમગ્ર ગુજરાતમાં, સ્ટેચ્યુ ઓફ યુનિટી પછી કદાચ વધુ ઉંચાઈ ધરાવતા સ્ટેચ્યુ ‘આર્યન મેન ઓફ ઈન્ડિયા’નું અનાવરણ અને ‘ધ ઈન્સ્ટિટ્યૂશન ઓફ એન્જિનિયર્સ ઈન્ડિયા,સુરત સેન્ટરનાં ‘મહિડા ભવન’ ખાતે કરવામાં આવ્યું છે. SVNIT એલ્મની અસોસિએસનનાં સ્થાપક પ્રમુખ ભદ્રેશભાઈ શાહ, ના ‘બેટર લાઈફ’ ‘ સ્વપ્ન ‘ ભદ્રેશ શાહ ફાઉન્ડેશન દ્વારા SVNIT ગોલ્ડન જ્યુબલી હોલ બનાવી આપ્યો હતો, તેનું રીનોવેટ - નવીનીકરણ કરી, તેનું ફરીથી ઉદઘાટન SVNIT નાં બોર્ડ ઓફ ગર્વનર્સ, BOG નાં ચેરમેન ડૉ. પ્રો. ભીમ સિંઘનાં હસ્તે અને SVNIT નાં ડાયરેક્ટર પ્રો. ડૉ. અનુપમ શુકલા અને સિનિયર મોસ્ટ એલ્મની સુરેન્દ્રભાઈ શેઠ, નાટ્યકાર અને એલ્મની વિહંગ મહેતા, SVNITAA નાં ફાઉન્ડર પ્રેસિડેન્ટ અને દાતાર ભદ્રેશભાઈ શાહની સ્પેશિયલ મહેમાનો તરીકેની ઉપસ્થિતિમાં ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સુરતને એક AC હોલ અને 22ફુટ ઉંચુ સ્ટેચ્યુનાં રૂપમાં નવું નજરાણું આજરોજ ઉમેરાયું છે.

# ભાડુઆતે ખાલી કરતી વખતે મકાનને ખંડેર બનાવી દીધું

**3 લાખનું** નુકસાન કરી સામાન ચોરી ગયા

**ન્યુ** સીટીલાઇટના મકાન માલિકે ત્રણ ભાડુઆત સામે અલથાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

સુરત : શહેરના ન્યુ સીટીલાઈટ વિસ્તારમાં મકાન ખાલી કરાવતા રોષે ભરાયેલા ભાડુઆતોએ મકાનમાં તોડફોડ કરી આશરે ૩ લાખ રૂપિયાનું નુકસાન કર્યું હોવા ની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે.

સગરામપુરમાં રહેતા ૫૯ વર્ષીય નિવૃત્ત નવીનચંદ્ર કંચનલાલ જરીવાલાનું એક મકાન ન્યુ સીટીલાઈટ રોડ પર આવેલા ‘ચાઈના ગેટ-૦૨’ માં આવેલું છે. આ મકાન તેમણે વર્ષ ૨૦૧૯ થી યુનિટેક એન્જિનિયરિંગના ભાગીદારો જયદીપ બી. દેસાઈ, જયરંગ જે. વશી અને અવની વિરલ દાલીયાને માસિક ૩૦,૦૫૧ રૂપિયા લેખે ભાડે આપ્યું હતું. જૂન ૨૦૨૫ માં ભાડા કરારની મુદત પૂરી થતા મકાનમાલિકે મકાન ખાલી કરવા જણાવ્યું હતું. મકાનમાલિક જ્યારે ૩૦ ઓક્ટોબરના રોજ મકાનનો કબજો લેવા ગયા ત્યારે તેઓ ચોંકી ઉઠ્યા હતા. ભાડુઆતોએ જતી વખતે મકાનને ખુબ નુકસાન પહોંચાડ્યું હોવાનું માલમ પડ્યું હતું. તેઓએ તપાસ કરતા મકાનમાં રસોડાનું પ્લેટફોર્મ અને દીવાલો તોડી નાખવામાં આવી હતી. બાથરૂમ અને ટોઈલેટમાંથી નળ ફિટિંગ, લાઈન, વાલ્વ અને વોશબેસીન તોડીને કાઢી લેવાયા હતા. મકાનમાં લગાવેલી લોખંડની ગ્રીલ, બારી-બારણાં અને લાઈટ ફિટિંગ પણ ઉખેડી લેવામાં આવ્યા હતા. દીવાલો અને લાદી-ટાઈલ્સમાં પણ તોડફોડ કરી આખા ઘરને ૩ લાખનું નુકસાન કરી ખંડેર જેવું બનાવી દીધું હતું. બાબતે જ્યારે મકાનમાલિકે ભાડુઆત વિરલ દાલીયાને ફોન કર્યો ત્યારે તેણે ઉદ્ધત જવાબ આપી નુકસાનની ભરપાઈ કરવાની ના પાડી દીધી હતી. અંતે, લાચારી અનુભવતા મકાનમાલિકે અલથાણ પોલીસ મથકે જયદીપ બી દેસાઈ (રહે. તમમન એપાર્ટમેન્ટ ભટાર), જયરંગ જે વશી (રહે. તિરંગકૃપા સોસાયટી ઘોડ દોડ રોડ)અને વિરલ દાલીયા (રહે. રવિ જોડે એપાર્ટમેન્ટ લુસ કોન્વેન્ટ સ્કૂલ પાસે અઠવાલાઈન્સ)વિરુદ્ધ ૩ લાખના નુકસાન બદલ ફરિયાદ નોંધાવી છે.

# જહાંગીરાબાદમાં રાત્રિ ફૂડ બજારનું આયોજન કરાશે

**ફૂડ** માર્કેટ ઉભું કરવાના આયોજનને લઈને 7.94 કરોડ રૂપિયાનો અંદાજ મંજૂરી માટે રજૂ કરાયો

સુરત : ખાણીપીણીના શોખીન સુરતીજનો માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વધુ એક રાત્રિફૂડ બજાર બનાવવાની તૈયારી કરવામાં આવી છે. રાંદેર ઝોનના જહાંગીરાબાદ વિસ્તારમાં રાત્રિફૂડ માર્કેટ ઉભું કરવાના આયોજનને લઈને મનપાની જાહેર બાંધકામ સમિતિની બેઠકમાં 7.94 કરોડ રૂપિયાનો અંદાજ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો છે. આ રાત્રિફૂડ બજાર માટે મનપાના વર્ષ 2025-26ના બજેટમાં 25 લાખ રૂપિયાની જોગવાઈ પહેલેથી જ કરવામાં આવી છે.

શહેરમાં પીપલોદ ખાતે કાર્યરત રાત્રિફૂડ બજારને નાગરિકોનો ભારે પ્રતિસાદ મળ્યો છે. મોડીરાત્રી સુધી વિવિધ વાનગીઓ એક જ સ્થળે મળતી હોવાથી તહેવારો દરમિયાન ત્યાં ભારે ભીડ જોવા મળે છે અને લોકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. આ સફળતાને ધ્યાને લઈ મનપાએ અન્ય ઝોનમાં પણ રાત્રિફૂડ બજાર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.આ યોજનાના ભાગરૂપે રાંદેર ઝોનના ટીપી સ્કીમ નં. 30 (વણકલા-ઓખા-વિહેલ)ના ફાઈનલ પ્લોટ નં. 130 ખાતે અંદાજે 8559 ચોરસ મીટર વિસ્તારમાં રાત્રિફૂડ બજાર બનાવાશે. અહીં 28 ફૂડ સ્ટોલ, 122 ટુ-વ્હીલર અને 12 ફોર-વ્હીલર પાર્કિંગની સુવિધા ઉભી કરાશે. સાથે જ ટોયલેટ બ્લોક અને વોચમેન કેબિનની પણ વ્યવસ્થા રહેશે.મનપા પર આર્થિક ભાર ન આવે તે માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના 2025-26 હેઠળ મળનારી ગ્રાન્ટમાંથી આ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવશે.

# હીર ગોલ્ડના પાનસુરીયાબંધુનું રૂપિયા 5.03 કરોડમાં ઉઠમણું

**જોબવર્ક** માટે આપેલું 4 કિલોથી વધુ સોનું લઇ દુકાનનાં શટર પાડી દીધા

સુરતઃ શહેરના હબ ગણાતા વરાછા વિસ્તારમાં જ્વેલરી ઉદ્યોગમાં ફરી એકવાર કરોડોની ઠગાઈની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. મીની બજાર સ્થિત ‘અમર સ્વર્ણ મંદિર’ નામની પેઢી પાસેથી જોબવર્ક માટે મેળવેલું 4022.15 ગ્રામ (આશરે 4 કિલો) સોનું પરત ન કરી, ‘હીર ગોલ્ડ’ના પાનસુરીયાબંધુઓ રૂપિયા 5.03 કરોડની મતા સાથે ભૂગર્ભમાં ઊતરી ગયા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

શો-રૂમ ચલાવતા ૬૯ વર્ષીય મગનભાઈ નાનજીભાઈ વાવીયાએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી નીતિન ચીમનભાઈ પાનસુરીયા (રહે.,ડી-૯૦૧, મીરા એવન્યુ, સરથાણા-સીમાડા, સુરત) ‘હીર ગોલ્ડ’ નામની ફર્મના ભાગીદાર છે, જે મીની બજારમાં આવેલી છે. ત્રણ વર્ષ પહેલાં નીતિને તેમના પુત્ર અલ્પેશને મળીને જોબવર્ક (દાગીના બનાવવાનું કામ) કરવાની ઓફર કરી હતી.

તેમણે હીર ગોલ્ડને કુલ 8,500 ગ્રામ 24 કેરેટ સોનું જોબવર્ક માટે આપવામાં આવ્યું હતું, જેમાંથી બંને ભાઈએ 4,477.85 ગ્રામ સોનાના દાગીના પરત કર્યા હતા, પરંતુ બાકીનું 4022.15 ગ્રામ સોનું, જેની બજાર કિંમત અંદાજે 5,03,00,000 થાય છે, ૧ નવેમ્બર-૨૦૨૫ના રોજ નીતિને વોટ્સએપ કોલ કરીને વધુ સમય માંગ્યો. તેઓ ઘરે આવ્યા અને ડિલિવરીનું વચન આપ્યું, પરંતુ ત્યારબાદ દુકાન બંધ કરીને પલાયન થઈ ગયા હતા.

# મિત્રની હત્યા કેસના આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી

**ગૌતમ** મૃતક અને સ્ત્રી મિત્ર સાથે તલંગપુરના બગીચામાં ફરવા ગયો ત્યારે ગૌતમ બંનેના વિડીયો રેકોર્ડ કરતાં ઝઘડો થયો હતો

સુરતઃ મિત્રની હત્યા કેસના આરોપી ગૌતમ જયરામ દલાઈની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી ગૌતમ મૃતક અને મૃતકની સ્ત્રી મિત્ર સાથે સચિન તલંગપુર ગામ સ્થિત એક બગીચામાં ફરવા ગયો હતો. એ સમયે ગૌતમ બંનેનો વિડીયો રેકોર્ડ કરતાં આરોપી અને મૃતક વચ્ચે ઝઘડો થયો હતો. જેની અદાવતમાં તા.૬/૧૨/૨૦૨૫ના રોજ આરોપી અન્ય મિત્ર સાથે ધસી આવી મૃતક પર રેમ્બો છરીથી હુમલો કરી હત્યા કરી હતી. આરોપીઓની પોલીસે તા.૭-૧૨-૨૫ના રોજ ધરપકડ કરી હતી. આરોપી ગૌતમે વકીલ મારફતે જામીન અરજી કરી હતી. એ.પી.પી. કે.ડી.ખૈરનરે જામીન અરજીનો વિરોધ કરી રજૂઆત કરી છે કે, અરજદાર પર ગંભીર અને જઘન્ય ગુનાનો આરોપ છે. અરજદારે ગુનામાં સક્રિય ભૂમિકા ભજવી છે. જો નિયમિત જામીન આપવામાં આવે તો અરજદાર ન્યાયના હાથમાંથી છટકી જાય તેવી પ્રબળ શક્યતા છે. ગુનાની ગંભીરતા અને સમાજ પર તેની અસરને ધ્યાનમાં રાખીને જામીન અરજી નામંજૂર કરવા માટે વિનંતી કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પ્રી-બોર્ડ પરીક્ષા યોજાઈ



સુરતઃ ધી રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારાઆ વર્ષે તા.7મી જાન્યુ.ના રોજ આયોજીત પ્રી-બોર્ડ પરિક્ષામાં ધોરણ 10 અને 12 સાયન્સ/કોમર્સના 1500 જેટલા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અન્ય 80 જેટલી શાળાના વિદ્યાર્થી કે જે અડાજણ ,વેસુ,ઓલપાડ,કતારગામ,ડભોલી,વરાછા,તાડવાડી,નાનપુરા જેવા વિસ્તારમાંથી નોંધાયા હતા. આ પરીક્ષા સુરત સિવાયના અન્ય જીલ્લામાં મોરબી, રાજકોટ, ભાવનગર, ભરૂચ, અમરેલી અને ડાંગ જિલ્લામાં પી પી સ્વામી સંચાલિત શાળામાં પણ યોજાઈ છે. જેમાં ૨૮૦૦ થી પણ વધુ વિદ્યાર્થી પરિક્ષા આપશે અને નજીકના દિવસોમાં બોર્ડ જેમ જ બાહ્ય મૂલ્યાંકનની કાર્યવાહી કરી ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવશે. શાળાના મેનેજિંગ ડિરેક્ટર કિશન માંગુકિયા, શાળાના આચાર્ય ડો વિરલ એમ નાણાવટી અને માલ્કમ પાલીયા દ્વારા વિદ્યાર્થીઓને માહિતી પુરી પડાઇ હતી.

### મિલકત વેચાણ રદ પેટે આપેલા 12 લાખના ચેક રિટર્ન થતાં સજા

સુરતઃ સચીન, પારડી-કણદેમાં ન્યુ શિવશક્તિ રો હાઉસમાં રહેતા વકીલ બિપીન ડાહ્યાભાઈ રોહિતને પારડી-કણદેની યોગેશ્વરપાર્ક સોસા.માં રહેતા અતુલકુમાર અમૃતગીરી ગોસાઈ તથા ઝંખનાબેન અતુલકુમાર ગોસાઈએ ‘યોગેશ્વરપાર્ક સોસાયટી’ માં આવેલા પ્લોટ નં. ૧૭ વેચવાનું નક્કી કરીને 19 લાખ રૂપિયા લઈ લીધા હતા. બાદમાં આ સોદો રદ થતાં કેટલીક રકમ ચૂકવી હતી અને બાકીના રૂપિયા 12 લાખના ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં બિપીન રોહિતે પોતાના એડવોકેટ એડવોકેટ ગૌતમ આર. ચૌહાણ હસ્તક પલસાણા કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરતાં કોર્ટે આરોપી અતુલકુમાર અમૃતગીરી ગોસાઈને એક વર્ષની કેદની સજા તેમજ રૂપિયા 10 હજારનો દંડ ફટકાર્યો હતો.

### દયાળજી બાપાની પ્રતિમાના અનાવરણનો કાર્યક્રમ યોજાયો



સુરત : દયાળજી અનાવિલ કેળવણી મંડળ ખાતે સ્વ. દયાળજી બાપાની પ્રતિમાના અનાવરણનો કાર્યક્રમ ભાવસભર અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી કિરીટ દેસાઈ સજોડે હિના દેસાઈ, અન્ય ટ્રસ્ટી રાકેશ દેસાઈ તેમજ મંડળના પ્રમુખ સંજય દેસાઈએ પૂજા વિધિ કરી પ્રતિમાનું અનાવરણ કર્યું હતુ. કાર્યક્રમ દરમિયાન સ્વ. દયાળજી બાપાના શિક્ષણ અને સમાજસેવામાંના યોગદાનને સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના આગેવાનો માજી પ્રમુખ, હોદેદાર તેમજ અન્ય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત ડાયમંડ હોસ્પિ.માં નાયબ મુખ્યમંત્રીના જન્મદિનની અનોખી ઉજવણી થશે

સુરત : નાયબ મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રી હર્ષ સંઘવીના 41મા જન્મદિન નિમિતે સુરત ડાયમંડ એસોસિએશન આરોગ્ય સમિતિ સંચાલિત “માતૃશ્રી રામુબા તેજાણી તથા માતૃશ્રી શાંતાબા વિડીયા હોસ્પિટલ” (ડાયમંડ હોસ્પિટલ) દ્વારા 8 જાન્યુઆરીના રોજ વિશેષ આરોગ્ય સેવાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે માહિતી આપતાં સુરત ડાયમંડ એસોસિએશનના ચેરમેન દિનેશ નાવડીયા અને સી.પી. વાનાણીએ જણાવ્યું હતું કે, આ દિવસે હોસ્પિટલના સ્ત્રીરોગ, ઓર્થોપેડિક, સર્જરી, આંખ, બાળરોગ, જનરલ મેડિસિન, દંત તથા કસરત વિભાગ સહિત તમામ વિભાગોમાં OPD તપાસ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. જન્મદિનના દિવસે હોસ્પિટલમાં થતી તમામ સામાન્ય તેમજ સિઝેરિયન ડીલીવરી સંપૂર્ણ ફ્રી કરવામાં આવશે. ઉપરાંત, જો કોઈ દંપતીને બીજી દીકરીનો જન્મ થશે તો તેમને રૂપિયા 1 લાખનો બોન્ડ આપવામાં આવશે. આ દિવસે મોતિયાનાં ઓપરેશન પણ સંપૂર્ણ નિઃશુલ્ક રહેશે. આ ઉપરાંત, વિવિધ સામાજિક સંસ્થાઓના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. એક જ દિવસે અંદાજે 900 થી 1000 દર્દીઓને નિઃશુલ્ક OPD સેવાઓનો લાભ મળશે.

### હર્ષ સંઘવીના જન્મદિવસે હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશન દ્વારા નોટબુક વિતરણ થશે

સુરત : આવતીકાલે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના જન્મદિવસના શુભ અવસરે હીરાબાનો ખમ્મકાર ફાઉન્ડેશન દ્વારા ૪૧,૦૦૦ પુસ્તકોનું વિતરણ કરવામાં આવશે. ઉપરાંત વધી રહેલા સાયબર ગુનાઓને ધ્યાનમાં રાખીને નાગરિકોમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી સાયબર ફ્રોડ અંગે માર્ગદર્શન આપતી ૪૧,૦૦૦ માહિતી પુસ્તિકાઓનું પણ વિતરણ કરવામાં આવશે તેમ પિયુષ દેસાઈએ જણાવ્યું હતું.

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના જન્મદિવસે મેગા રક્તદાન શિબિરનું આયોજન

સુરતઃ સી. બી. ભંડારી સરસ્વતી વિદ્યાભવન સ્કૂલ ટ્રસ્ટ, મગદલ્લા, સુરતના પ્રમુખ મહેશભાઈ બી. પટેલ દ્વારા જણાવવામાં આવે છે કે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીજીના ૪૧ માં જન્મદિવસે ગુરુવાર, તા. 08/01/2026 ના રોજ સુરત રક્તદાન કેન્દ્રનાં સહયોગથી સરસ્વતી વિદ્યાભવન સ્કૂલ, મગદલ્લા, સુરત ખાતે સવારે ૧૦ થી સાંજે ૪ સુધી મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને સ્વૈચ્છિક રકતદાતાઓને મોટી સંખ્યામાં રક્તદાન કરવા અપીલ કરવામાં આવે છે.01/2026

### સુરતમાં STERS-SASCMA કોલેજે સાઇકોલોજી ફેસ્ટ યોજ્યો




સુરત : સુરત સ્થિત STERS-SASCMA કોલેજના સાઇકોલોજી વિભાગ દ્વારા માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા સાઇકોલોજી ફેસ્ટનું આયોજન કરાયું હતુ. ફેસ્ટની મુલાકાત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. કે.એન. ચાવડાએ લીધી હતી, જ્યારે મુખ્ય મહેમાન તરીકે ડો. મહેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોફેસર ધ્યાની વશીના નેતૃત્વ અને આચાર્ય ડો. આશિષ દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ જાગૃતિસભર પ્રવૃત્તિઓ યોજાઈ હતી, જેમાં ૨૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

### સુરતના કાવ્ય નાયકે ખેલમહાકુંભ રાજ્ય કક્ષાએ સિલ્વર મેડલ મેળવ્યો




સુરતઃ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના નેજા હેઠળ સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે તા.૦૬ અને ૦૭ જાન્યુ. દરમિયાન ખેલમહાકુંભ ટેકવોન્ડો ચેમ્પિયનશિપ-૨૦૨૫ યોજાઈ હતી. જેમાં મિલેનિયમ સ્કૂલના સુરતના કાવ્ય નાયકે 59 કિલોની કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. કાવ્ય નાયકે કોચ પમિર શાહના માર્ગદર્શન હેઠળ તાલીમ લીધી હતી.